આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ પટેલ

તારીખ:-21-01-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# પી.એમ. – ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ મહાકુંભ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારત વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બની ગયું છે. હાલમાં ભારતમાં 1 લાખ 25 હજાર નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ સાથે 12 લાખથી વધુ યુવાનો સીધા જોડાયેલા છે. દેશમાં હાલમાં 110થી વધુ યુનિકોર્ન છે.

નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ મહાકુંભના ત્રીજા દિવસે, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે દેશની યુવા શક્તિની અદમ્ય ભાવનાને કારણે દેશની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અભૂતપૂર્વ રીતે વિકાસ પામી રહી છે. ભારત 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના રોડમેપ પર કામ કરી રહ્યું છે. આવા સમયે સ્ટાર્ટઅપ મહાકુંભ ખૂબ જ જરૂરી છે.

શ્રી મોદીએ કહ્યું કે, સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલે ઈનોવેટિવ આઈડિયા માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. ભારતના યુવાનોએ નોકરી શોધનારને બદલે નોકરી આપનાર બનવાનો માર્ગ પસંદ કર્યો છે.

શ્રી મોદીએ કહ્યું કે, નાના શહેરો સ્ટાર્ટઅપ ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે એ વાત પર ખુશી વ્યક્ત કરી કે હવે કૃષિ, કાપડ, દવા, પરિવહન, અવકાશ, યોગ અને આયુર્વેદમાં પણ સ્ટાર્ટઅપ શરૂ થયા છે. સ્પેસ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતીય સ્ટાર્ટઅપ્સ સ્પેસ શટલ લોન્ચ સહિત પચાસથી વધુ સ્પેસ એરિયામાં કામ કરી રહ્યા છે.

BHUJ

પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશમાં 45 ટકાથી વધુ સ્ટાર્ટઅપનું નેતૃત્વ મહિલાઓ કરે છે.

નેશનલ ન્યુઝ

---------------------------------------------------------------------------------

## <u>ચૂંટણી ખર્ચ દેખરેખ ફ્લાઈંગ સ્કવોર્ડ રાજ્યમાં વિવિધ વસ્તુઓ જપ્ત કરી</u>

ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટેની ફ્લાઇંગ સ્કવોર્ડે ગુજરાતમાંથી કુલ પાંચ કરોડ 92 લાખ રૂપિયાની વિવિધ વસ્તુઓ જપ્ત કરી છે.

રાજ્યમાં લોકસભાની ચૂંટણીઓ જાહેર થતાં ચૂંટણીપંચે સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતાનો સખ્તાઇથી અમલ કરતાં ફ્લાઇંગ સ્કવોર્ડે અત્યાર સુધી સમગ્ર રાજ્યમાંથી સરકારી મિલકતો પરથી 1 લાખ 47 હજાર 195 તથા ખાનગી મિલકતો પરથી 54 હજાર 994 રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર, બેનરો તથા પ્રચાર પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઇ રહે અને પ્રતિબંધિત વસ્તુઓની હેરફેર અટકે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં 756 ફ્લાઇંગ સ્કવોર્ડ કાર્યરત છે. આ સ્ક્વોર્ડ દ્વારા અત્યાર સુધીમાં 1 કરોડ 35 લાખનો દારૂ, બે કરોડ 28 લાખ રૂપિયાની સોનું-ચાંદી, તથા વાહનો અને અખાદ્ય ગોળ સહિતની અન્ય વસ્તુઓ મળી કુલ પાંચ કરોડ 92 લાખ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરી છે.

નેશનલ ન્યુઝ

---------------------------------------------------------------------------------

## <u>31મી માર્ચ રવિવારે બેંકો ચાલુ રાખવા નિર્ણય</u>

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ 31મી માર્ચ રવિવારે પણ બેંક ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ એક્સ પર એક ટ્વિટ દ્વારા

આ નિર્ણયની માહિતી આપી છે. આરબીઆઈએ કહ્યું કે, 31મી માર્ચના રોજ રવિવાર હોવા છતાં તમામ બેંકો ખુલી રહેશે. ચાલુ નાણાકીય વર્ષ 2023-24નો છેલ્લો દિવસ હોવાને લઈને આ નિર્ણય લેવાયો છે.

31મી માર્ચે નાણાકીય વર્ષની એન્યુઅલ ક્લોઝિંગ છે જેથી તમામ બેંક ખુલ્લી રહેશે તેવું બેંકોને મોકલાયેલા નિર્દેશમાં કહેવાયું છે. નાણાકીય વર્ષ પૂર્ણ થવા સુધીના ટ્રાન્જેક્શન તે જ વર્ષે દાખલ થવા જોઈએ. જેથી તમામ બેંકોને કામ કરવા કહેવાયું છે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે પોતાની તમામ ઓફિસ ખુલ્લી રાખવાનો નિર્ણય કર્યો હતો. વિભાગે ગુડ ફ્રાઈડેની રજા સહિત તમામ શનિવાર અને રવિવારની રજા પણ કેન્સલ કરી દીધી હતી.

**RNU ઓફિસ પદ્દણીભાઈ**

---

# જિલ્લામાં ચૂંટણી અનુસંધાને પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા

લોકસભાની સામાન્ય ચૂંટણી અનુસંધાને જિલ્લા કલેકટ અને ચૂંટણી અધિકારી અમીત અરોરા દ્વારા કેટલાક પ્રતિબંધાત્મક આદેશ જારી કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ચૂંટણી મતદાન પૂર્ણ થવાના 48 કલાક પહેલા ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહેશે. તે વિધાનસભા પેટા ચૂંટણી સંદર્ભે મતદાન બુથની આસપાસા નિવારક પગલા માટે મતદાન મથકની 200 મીટરની ત્રિજિયાના વિસ્તારમાં કોઈ પણ બૂથ ઉભુ કરી શકાશે નહી. તો કોનવોયમાં વાહનો ફેરવવા સંદર્ભે કોઈ પણ ઉમેદવાર કે, રાજકીય પક્ષના કાર્યકરો કે, રાજકીય પક્ષના વ્યક્તિ કોનવોયમાં એક સાથે 10થી વધુ વાહનો નહી ફેરવવા ફરમાવાયું છે. સૂચિત જાહેરનામાના ભંગ બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

**N.P**

---

## પ્રખરતાપ વચ્ચે જિલ્લાનું જનજીવન અકળાયું

હવામાન વિભાગે કચ્છમાં ગરમીનું આકરૂ મોજું ફરી વળવાની કરેલી આગાહી વચ્ચે પ્રખર તાપથી જનજીવન અકળાયું હતું, તો બપોરના સમયે જિલ્લાના અનેક વિસ્તારમાં વાદળો છવાતાં માવઠાની ભીતિ ધરતીપુત્રોએ વ્યક્ત કરી છે. ગઈકાલે જિલ્લા મથક ભુજ ખાતે 38.7 ડિગ્રી સેલ્સીયસ મહતમ ઉષ્ણતામાન નોંધાયું હતું. મધ્યાહ્ન ભાગે લૂનો અનુભવ લોકોએ કર્યો હતો. નલિયામાં 38.6, કંડલા બંદરમાં 36.2 અને કંડલા હવાઈ મથકમાં 38.7 ડિગ્રી મહતમ ઉષ્ણતામાને તાપ અનુભવાયો હતો. લઘુતમ ઉષ્ણતામાન 21થી 22 ડિગ્રી નોંધાતાં રાત્રિ પણ ગરમીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગે જારી કરેલા પૂર્વાનુમાનમાં ગુરૂ અને શુક્ર કચ્છ ઉપરાંત ગીર સોમનાથ અને પોરબંદરમાં ગરમીનું આકરૂં મોજું અનુભવાશે તેવી આગાહી કરી છે.

**N.P**

---

RNU BHUJ